RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 186, Dt.21-10-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અંકલેશ્વરમાંથી ફરી ૨૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

## એક ફેકટરીમાંથી ૧૪.૧૦ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપાતા ખળભળાટ : સુરત – ભરૂચ પોલીસનું સંયુકત ઓપરેશન, સંચાલક સહિત ત્રણની અટકાયત

**મુખ્ય સમાચાર,અંકલેશ્વર**

ગુજરાતમાં ડ્રગ્સનો કાળો કારોબાર યથાવત રહ્યો છે. જેમાં ભરૂચ જિલ્લામાં ફરી એકવાર ડ્રગ્સ ઝડપાયુ છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલા અવસર એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતું. જેમાં ૨૫૦ કરોડના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે.

ગુજરાતના દરિયા કિનારેથી અવાર-નવાર ડ્રગ્સ ઝડપી પાડવામાં આવતું હોવાના સમાચાર અવાર-નવાર પ્રાપ્ત થાય છે. પરંતુ હવે ફેક્ટરીમાંથી ડ્રગ્સ પકડાતું થયું છે. અઠવાડિયા પહેલાં જ અંકલેશ્વરની એક ફેક્ટરીમાંથી ૫ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ફરી એકવાર અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી કંપનીમાંથી ૪૨૭ કિલો ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત ૨૫૦ કરોડ હોવાનું અનુમાન છે.






પ્રાપ્ત માહિતી અનુસાર સુરત અને ભરૂચ પોલીસે એક સંયુક્ત ઓપરેશ પાર પાડીને અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાંથી ૪૨૭ કિલોનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. આટલો મોટો ડ્રગ્સ ઝડપાતા પોલીસબેડામાં હાહાકાશ મચી ગયો છે. પોલીસે કંપની સંચાલક સહિત બે લોકોની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ ડ્રગ્સનો જથ્થો તપાસ અર્થે એફએસએલમાં મોકલી આપ્યો છે.

પોલીસ હાલ તપાસ કરી રહી છે. પૂછપરછ દરમિયાન મોટા રેકેટનો પર્દાફાશ થઈ શકે છે. આ ડ્રગ્સ કેવી રીતે અહીં આવ્યું. કોને પહોંચાડવાનું હતું જેવા વગેરે પ્રશ્નોના જવાબ મળી જશે. જોકે અઠવાડિયામાં જ આટલી મોટી માત્રા બીજીવાર ડ્રગ્સ ઝડપાતા લોકોના મોંઢે ચર્ચાઈ રહ્યું છે કે ગુજરાતમાં પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહિત અન્ય કેન્દ્રીય સંસ્થાઓ સરહદી સીમા ઉપરાંત દરિયામાં રાઉન્ડ-ધ-કલોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહિત લેટેસ્ટ ટેકોલોજીથી દેખરેખ રાખી રહી છે તેમ છતાં ગુજરાતમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઠલવાઈ રહ્યું છે. હવે આટલી મોટી માત્રામાં ડ્રગ્સ પકડાતું હોય તો પાછલા બારણે ડ્રગ્સનો કાળો કારોબાર કેટલો મોટો હશે, જે ચિંતાનો વિષય છે. આજે ગુજરાત ડ્રગ્સનું - વેશ દ્વાર જ નહીં, પણ એપી સેન્ટર બન્યું છે જે પોલીસ માટે પણ પકડારરૂપ છે.

રવિવારે (૧૩ ઓકટોબર) ભરૂચના અંકલેશ્વરમાં આવકાર ડ્રગ્સ પ્રા. લિમિટેડ કંપનીમાં સર્ચ દરમિયાન પોલીસને ૫૧૮ કિલોગ્રામ કોકેઈન મળી આવ્યું હતું, જેની કિંમત ૫,૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. દિલ્હી પોલીસ અને ગુજરાત પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ખાનગી કંપનીમાંથી કોકેઈન મળી આવ્યું હતું. અગાઉ, ૧ ઓકટોબરે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે મહિપાલપુરમાં તુષાર ગોયલ નામના વ્યક્તિના વેરહાઉસ પર દરોડો પાડ્યો હતો અને ૫૬૨ કિલોગ્રામ કોકેઈન અને ૪૦ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજાના કન્સાઈનમેન્ટને જપ્ત કર્યો હતો. તપાસ દરમિયાન ૧૦ ઓકટોબરે દિલ્હીના રમેશ નગરમાં એક દુકાનમાંથી લગભગ ૨૦૮ કિલોગ્રામ વધારાનું કોકેઈન મળી આવ્યું હતું.

રાજ્યમાંથી હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે ત્યારે ભાજપ સરકાર વાહવાહી લૂંટે છે, પરંતુ પાછલા બારણે કેટલું ડ્રગ્સ વેચાતું હશે તે જનતાને મૂંઝવતો સવાલ છે. આજે ગુજરાત જાણે નશાખોરીનું એપી સેન્ટર બની રહ્યું હોય તેવુ ચિત્ર ઉપસ્યું છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ, ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૩૧૬૩ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેકશન પકડાયા છે. આમ, ગુજરાત ડ્રગ્સ તસ્કરીનું સિલ્ક રૂટ બની રહ્યું છે.

## અમેરિકામાં જીતનો જશ્ન મનાવતી ભીડ પર આડેધડ ગોળીબાર : ૩ના મોતઃ અનેક ઘાયલ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં ગન કલ્ચર પર કોઈ અંકુશ નથી અને પરિણામે વારંવાર ગોળીબારના બનાવોમાં મોતના બનાવો બનતા જ રહ્યા છે. આવી જ એક વધુ ઘટનામાં લેકસીન્ગટનમાં જીતની ઉજવણી કરતી ભીડ પર બે બંદૂકધારીઓએ આડેધડ ગોળીબાર કરતા ત્રણ યુવકોના મોત નિપજયા હતા અને અનેક ઘાયલ થયા હતા.



શહેરથી ત્રણેક કી.મી. જ દુર એક ફુટબોલ ગેઈમમાં શહેરના વિદ્યાર્થીઓએ મેળવેલા વિજયની ઉજવણી કરવા એકઠા થયેલા ૨૦૦થી૩૦૦ માણસો ઉપર બે બંદૂકધારીઓએ ઓચિંતા ગોળીબાર શરૂ કરતાં ૧૯ વર્ષના બે યુવાનો અને એક ૨૫ વર્ષના યુવાનનું મૃત્યુ થયું હતું. આઠેકને ઈજાઓ થઈ હતી. આ સાથે નાસભાગ શરૂ થઈ હતી. ઘાયલ થયેલાઓને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ માહિતી આપતા હોમ્સકાઉન્ટીના શેરીફ વીવી માર્ચે કહ્યું હતું કે વાસ્તવમાં સવારે લેક્ષીન્ટનથી ૩ કી.મી. દુર આવેલી ફુટબોલ મેચમાં શહેરની ફુટબોલ ટીમ વિજયી થતાં તેને સહર્ષ આવકારવા ૨૦૦થી૩૦૦ માણસો એકત્રીત થયા હતા. ત્યાં બે બંદૂકધારીઓએ ઓચિંતી ગોળીબાર શરૂ કરતાં બે ૧૯ વર્ષના અને એક ૨૫ વર્ષના યુવાનનું મૃત્યુ થયું હતું અન્ય ૮ને ઈજાઓ થઈ હતી. તે પછી ભારે નાસભાગ પણ થઈ હતી. આ ગોળીબાર કરનારાઓની ધરપકડ કરાઈ છે પરંતુ ગોળીબાર પાછળનું ચોકકસ કારણ હજી સુધી જણાયું નથી.

## દિલ્હી વિસ્ફોટમાં ખાલિસ્તાની હાથ! જસ્ટીસ લીગ ઈન્ડિયાએ જવાબદારી લીધી

### પાકિસ્તાનથી ચાલતી ટેલીગ્રામ ચેનલોમાં ખાલિસ્તાનીઓએ હુમલાની જવાબદારી લીધી : અમે ગમે ત્યાં વિસ્ફોટ કરાવી શકીએ છીએઃ દાવો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાટનગરના રોહિણી સેક્ટરના સીઆરપીએફ નજીક થયેલા બ્લાસ્ટમાં એક નવો વળાંક આવ્યો છે. અહીંની તપાસમાં સફેદ ટી-શર્ટ પહેરેલા શંકાસ્પદ લોકો આસપાસ હવે પોલીસે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. એટલું જ નહીં ટેલીગ્રામ ચેનલ પર જસ્ટીસ લીગ ઈન્ડિયાના નામે જે સંદેશો મોકલાયો હતો તેમાં હવે આ વિસ્ફોટની જવાબદારી ખાલિસ્તાનીઓએ લીધી છે.

એવી પણ ધમકી આપવામાં આવી છે કે તેઓ ભારતમાં ગમે ત્યાં હુમલો કરવા માટે સક્ષમ છે અને હવે આ અંગે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ પણ ઝંપલાવ્યું છે તથા રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (એનએસજી)ને પણ તપાસમાં જોડી છે. ગઈકાલે સવારે સાડાસાત વાગ્યાની આસપાસ પ્રશાંત વિહાર વિસ્તારમાં એક વિસ્ફોટ થયો હતો.

જેમાં સીઆરપીએફ સ્કૂલની દીવાલ તુટી પડી હતી અને આસપાસની દુકાનોને પણ નુકશાન થયું હતું અને એક કાર પણ તેનો ભોગ બની હતી. જેમાં હવે જસ્ટીસ લીગ ઈન્ડિયાની ભૂમિકાઓ બહાર આવી છે અને તેમાં ખાલિસ્તાની એંગલ પણ જાહેર થયો છે.

પાકિસ્તાનથી ચાલતી કેટલીક ટેલીગ્રામ ચેનલમાં એવો દાવો કરાયો છે કે, દિલ્હીમાં થયેલા બ્લાસ્ટમાં પાકિસ્તાનનો હાથ છે અને કાશ્મીર જેહાલ સાથે સંકળાયેલી આઈએસઆઈ સંચાલિત ટેલીગ્રામ ચેનલોએ પણ ખાલિસ્તાન સંડોવણીના સંકેત આપ્યા છે અને પાકની એજન્સીની મદદથી આ વિસ્ફોટ કરાયો હોવાનું જણાવાયું છે.



દિલ્હી પોલીસે સીસીટીવી ફૂટેજ પરથી સફેદ ટી-શર્ટ પહેરેલા એક વ્યકિતની તપાસ શરુ કરી છે જે આ વિસ્ફોટ પૂર્વે ઘટના સ્થળ પર હતો અને એક રાત પહેલા પણ તે ત્યાં પહોંચ્યો હતો. તેની પાસે રહેલી પ્લાસ્ટીકની એક બેગમાં વિસ્ફોટક હોય તેવું મનાય છે.

ઓછી તીવ્રતાના આ વિસ્ફોટથી એક ફુટ જેટલો ખાડો પડી ગયો હતો. અને સીઆરપીએફ સ્કૂલમાં જો કે રવિવારે રજા હોવા છતાં પણ જે રીતે વિસ્ફોટ કરાયો તેથી તેનો ઈરાદો દહેશત ફેલાવવાનો હોય તેમ માનવામાં આવે છે.

## કાશ્મીરમાં મધરાતે ત્રાસવાદીઓએ ખેલ્યો ખૂની ખેલ : આતંકી હુમલામાં સાતના મોત


### સોનમર્ગ પાસે બની રહેલ જોજીલા ટનલના એક ભાગમાં કામ કરી રહેલા મધ્યપ્રદેશ – બિહારી મજદૂરો નિશાન બન્યાઃ ૧૫થી વધુ ઘાયલ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં શાંતિપૂર્વક અને ભારે મતદાન સાથે સંપન્ન થયેલી ચૂંટણી અને નવી સરકારની શપથવિધિના પ્રથમ સપ્તાહમાંજ એક સૌથી મોટા ટાર્ગેટ કિલીંગ સમાન ત્રાસવાદી હુમલામાં ગઈરાત્રીના રાજયના ગોદરબલમાં સોનમર્ગ નજીક ગગનવીટમાં ઝેડ-સુરંગ નિર્માણમાં કામ કરી રહ્યા. મજદૂરોના કેમ્પ પર ત્રાસવાદીઓએ હુમલો કરી એક તબીબ સહીત સાત લોકોની ત્રાસવાદીઓએ ગોળી મારી હત્યા કરી હતી જેમાં ૧૫થી વધુ મજદૂરો ઘવાયા છે.ત્રાસવાદી નિશાન બનેલા તમામ બિહાર-મધ્યપ્રદેશ અને સ્થાનિક મજબૂરો બન્યા છે. ઝેડ-મોર્થ-ટનેલ સ્થળે અચાનક જ આ હુમલો થયો હતો. આ ટનલ રાજયના ગોદરબાલ જીલ્લામાં સોનમર્ગ અને ગગનવીરને જોડે છે. ગઈકાલે સાંજે મજદૂરોની ટીમ કામકાજના સ્થળેથી તેમના કેમ્પ ભણી પરત ફરી રહી હતી તે સમયે આ હુમલો થયો હતો.

રાજયના પોલીસવડા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે તથા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પણ તપાસમાં જોડાઈ છે. હજુ ચાર દિવસ પુર્વે જ રાજયમાં ઉમર અબ્દુલ્લા સરકારે શપથ લીધા હતા.

રાજયમાં બે દિવસમાં ટાર્ગેટ કિલીંગની આ બીજી ઘટના છે. તા.૧૮ના રોજ શોપીયાનમાં ત્રાસવાદીઓએ એક બિહારી મજદૂરની હત્યા કરી હતી અને તેનું લોહીવાળો મૃતદેહ જ હાથ લાગ્યો હતો.



સુરક્ષાદળોએ એરીયાને ઘેરી લઈ ત્રાસવાદીઓની તલાશ શરૂ કરી છે. આ હુમલાની જવાબદારી લશ્કરે તોયબાના સહયોગી સંગઠન ધ રજીસ્ટેસ ફ્રંડ (ટીઆરએફ) એ સ્વીકારી છે.

જે કંપની આ ટનલ બનાવી રહી હતી તે એટકોના અધિકારીઓ પણ અહી પહોંચી ગયા છે. આ હુમલો અચાનક જ હતો અને ત્રણ બાજુથી ગોળીબાર થતા મજદૂરો માટે ભાગવાની પણ તક રહી ન હતી. આ બાદ અહીના તમામ કેમ્પ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

## સોનાનાં ભાવમાં થયેલાં જબરદસ્ત વધારાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આ વર્ષે સોનાનાં ભાવમાં થયેલાં જબરદસ્ત વધારાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યાં છે. છેલ્લાં ૧૭ વર્ષમાં નફો આપવામાં સોનું સર્વશ્રેષ્ઠ રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં રોકાણકારોને સોનાએ ૩૧.૩૩ ટકાનું વળતર આપ્યું છે. અગાઉ સોનાએ વર્ષ ૨૦૦૭ માં રોકાણકારોને સૌથી વધુ ૩૧.૦૨ ટકાનું વળતર આપ્યું હતું. વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં સોનાની કિંમત ૬૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. આ પછી, ૯ મે સુધીમાં કિંમત વધીને ૭૨ હજાર રૂપિયા થઈ હતી. બજેટમાં સોના પરની આયાત ડ્યૂટીમાં ઘટાડો થવાને કારણે તેની કિંમતોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

પરંતુ બાદમાં તેણે ફરી ગતિ પકડી હતી. ૧૮ ઓક્ટોબરે રાજધાની દિલ્હીમાં સોનાની કિંમત રૂ. ૭૯૯૦૦ ના ઓલ ટાઈમ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં સોનાનાં ભાવમાં ૧૮૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો થયો છે. એચડીએફસી સિક્યોરિટીમાં કોમોડિટી અને કરન્સી પ્રોડક્ટ્સના હેડ અનુજ ગુપ્તા કહે છે કે વિશ્વભરમાં સર્જાયેલી ભૌગોલિક રાજકીય કટોકટી વચ્ચે સોનાની કિંમતમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ઘણાં દેશોની મોટી બેંકો પણ સોનાની ખરીદી કરીને તેમનાં સોનાનાં ભંડારમાં સતત વધારો કરી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૨૭૦૦ ડોલરને પાર પહોંચી ગઈ છે. ભારતમાં સોનાની કિંમત ૭૯૦૦૦ રૂપિયાથી ઉપર છે. જો ગતિ ચાલુ રહેશે તો સોનું ટૂંક સમયમાં રૂ. ૮૩ હજારથી રૂ.૮૫ હજારની સપાટીએ પહોંચી શકે છે. સોનાનો ભાવ વધતાં આ દિવાળી અને ધનતેરસના શુભ અવસર દરમિયાન સોનાનાં દાગીનાની માંગમાં ઘટાડો થવાની ધારણા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યાં અનુસાર છેલ્લાં મહિનામાં સોનાનાં ભાવ ૧૬ સપ્ટેમ્બરના રોજ નોંધાયેલાં ૭૩,૪૮૯ની સામે ૩૯૨૧ પ્રતિ ૧૦ ગ્રામ વધીને ૭૭૪૧૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ છે. એ જ રીતે , ચાંદીનો ભાવ પણ ૯૨૨૮૩ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગયો હતો જે ૧૬ સપ્ટેમ્બરે ૮૮૩૧૪ હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ગોલ્ડનો ભાવ ૨૭૨૩ ડોલર સુધી પહોંચી ગયો છે.



## રાજકોટની સરકારી કચેરીઓમાં હેલ્મેટ કાયદાનો કડક અમલ

### સવારમાં સંખ્યાબંધ કર્મચારીઓ અને અરજદારો ઝપટે ચડયા : દંડ વસુલાયો : જુના બાકી ચલણના નાણાની પણ ઉઘરાણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા બે દિવસ પૂર્વે સરકારી કચેરીઓમાં પ્રવેશ પહેલા તમામ કર્મચારીઓ, અધિકારીઓ માટે હેલ્મેટ ફરજીયાત કરવા નિર્ણય કરાયો છે. જેનો આજથી અમલ શરૂ કરવામાં આવ્યો છે. સરકારી કચેરીના ગેટ પાસે જ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે અને હેલ્મેટ ન પહેરનારને ઓનલાઈન મેમો આપવામાં આવી રહ્યો છે. આજ સવારથી રાજકોટની પોલીસ કમિશ્નર કચેરી ખાતે ગેટ પાસે હેલ્મેટ ચેકીંગ માટે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં પોલીસ કર્મીઓનું ચેકીંગ પણ કરવામાં આવ્યું હતું અને હેલ્મેટ ન પહેરનારને દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલસ કમિશ્નર કચેરીમાં આવતા લોકોના લાયસન્સ અને પીયુસી ચેક કરવામાં આવ્યા હતા.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

જે લોકો પાસે લાયસન્સ, પીયુસી ન હતા તેઓને ઓનલાઈન મેમો આપવામાં આવ્યો હતો. સવારથી બપોર સુધીમાં અંદાજે ૩૦ થી ૪૦ લોકોના ચેકીંગ હાથ ધરવામાં આવ્યા હતા. મોટાભાગના કર્મચારીઓએ હેલ્મેટ પહેર્યુ ન હતું પરંતુ નિયમનું કડક પાલન થઈ રહ્યું છે. રાજકોટની તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટનું ચેકીંગ સવારથી કરવામાં આવી રહ્યું છે. પોલીસ કમિશ્નર કચેરી, મ્યુનિ. કોર્પોરેશન કચેરી, બહુમાળી ભવન, કલેકટર કચેરી, જિલ્લા પંચાયત સહિતની તમામ કચેરીઓમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે પહેલો દિવસ હોવાથી કર્મચારીઓમાં નિયમોના પાલન માટે આળસ જોવા મળી હતી પરંતુ જે રીતે ઓનલાઈન મેમો આપવામાં આવી રહ્યા છે, આગામી સમયમાં તમામ કર્મચારીઓ અને અધિકારીઓ ફરજીયાતપણે હેલ્મેટના નિયમનું ચુસ્ત રીતે પાલન કરશે. આજે સવારથી જ રાજકોટ મહાનગરપાલિકા કચેરી, બહુમાળી ભવન, કલેકટર કચેરી સહિતની તમામ સરકારી કચેરીઓ પર પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયુ હતુ હેલ્મેટ પર્યા વગર આવનાર કર્મચારીઓને સ્થળ પર જ દંડ કરવામાં આવ્યો હતો. જોકે પરિપત્ર બહાર પડ્યા બાદ ગઈકાલે રવિવાર હોવાથી તમામ સરકારી કચેરીઓમાં રજા હોય આજે કચેરીઓ ખુલતા જ મોટાભાગના કર્મચારીઓ હેલ્મેટ વગર જ કચેરીમાં દાખલ થયા હતા દાખલ થતા જ પોલીસના હાથે દંડાયા હતા.

## ટ્રાફિક નિયમ ભંગમાં વન – નેશન – સિકસ વે ચલણ ઈશ્યુ કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દ્વીચકી વાહન ચાલકો માટે હેલ્મેટ ફરજીયાત મુદે હાઈકોર્ટે અનેક વખત ગુજરાત સરકારને આકરી ભાષામાં ચેતવણી આપ્યા બાદ હવે સર્વ પ્રથમ એક બાદ એક સરકારી વિભાગોના કર્મચારીઓ માટે ઓફિસમાં આવતા જતા સમયે ફરજીયાત હેલ્મેટનો અમલ આજથી શરૂ કરાયા સાથે હવે હેલ્મેટના કાનૂનના ભંગ માટે એક-બે નહી પુરી છ રીતે ઈ-ચાલાન ઈસ્યુ કરવા માટે તૈયારી શરૂ કરી છે.

એટલું જ નહી આ ઈ-ચાલાન ઈસ્યુ થયા બાદ તેમાં ૯૦% ભરાતા નથી તેથી ચાલાન કલેકશનની પ્રક્રિયા પણ હવે તેજ કરાશે. ગઈકાલે જ અમદાવાદ પોલીસે નવા એક ખાસ મોબાઈલ એપ્લીકેશન વાયોલેશન ઓન કેમેરા લોન્ચ કર્યુ છે. આ મોબાઈલ એપ્લીકેશનથી હવે ફકત હેડ કોન્સ્ટેબલ જ નહી કોન્સ્ટેબલ ને પણ ઓન-ધ-સ્પોર્ટ- ઈ-ચાલાન ઈસ્યુ કરવાની સતા અપાઈ છે અને તે દંડ પણ ઉઘરાવી શકશે.

આ મોબાઈલ એપ મારફત કોન્સ્ટેબલ કક્ષાના પોલીસ કર્મચારી હેલ્મેટ કાનૂનનો ભંગ કરનાર વ્યક્તિનો વિડીયો લઈને તે કંટ્રોલ રૂમને મોકલી આપશે. ત્યાંથી તુર્તજ ઈ-ચાલાન જનરેટ કરવામાં આવશે અને તે નંબર પ્લેટના આધારે ભંગ કરનારને મોકલી અપાશે એટલું જ નહી તેનો રેકોર્ડ બનશે. એક વ્યક્તિ વારંવાર આ રીતે હેલ્મેટ કે ટ્રાફિકના નિયમનો ભંગ કરશે તો તેનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવશે.




આ માટે વન-નેશન-વન ચાલાન યોજનાનો અમલ શરૂ કરાયો છે અને અમદાવાદ પોલીસે તો ત્રણ કે તેથી વધુ વખત ટ્રાફિક નિયમનો ભંગ કરનાર ૬૦૦૦થી વધુ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા આરટીઓને ભલામણ કરી છે. ગુજરાત હાઈકોર્ટે આપેલા આદેશ મુજબ આ કરવામાં આવી રહ્યું છે. આ કાર સહિત ફોરવ્હીલર જે હળવા વાહનોની શ્રેણીમાં જે વાહનો આવે છે તેમાં સીટબેલ્ટના નિયમનો ભંગ કરનારને પણ આ રીતે ઈ-ચલણ મોકલી શકશે.

# થોરાળા પાસે કુબલીયા પરામાં મીત્રની નજર સામે યુવાનની હત્યા

## બે વર્ષ પહેલાં કેરમ રમવા બાબતે થયેલ માથાકૂટ કારણભૂત હોવાનું પ્રાથમિક તારણઃ થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપી નિરજ પરમારને સકંજામાં લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુબલીયાપરા વિસ્તારમાં ૩૧ વર્ષીય યુવાનની છરીના આડેધડ ઘા ઝીંકી બેહરેમીથી હત્યા કરી નાંખતા ખળભળાટ મચી ગયો હતો. બનાવની જાણ થતાં થોરાળા પોલીસ મથકનક પીઆઈ એન.જી.વાઘેલા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને આરોપી નિરજ પરમાર નામના શખ્સને સકંજામાં લઈ તપાસનો ધમધમાટ આદર્યો હતો. બે વર્ષ પહેલાં કેરમ રમવા બાબતે મૃતક અને હત્યારા વચ્ચે થયેલ માથાકૂટ હત્યાના બનાવ સુધી પહોંચી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં કુબલીયાપરા શેરી નં.૦૫, ખોડિયાર માતાજીના મંદિર સામે મચ્છી ચોક પાસે રહેતાં સતીષ વિઠ્ઠલભાઈ સોલંકી (ઉ.વ.૩૧) મચ્છી ચોક પાસે ઈંડાં અને નોનવેજની લારી ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગઈકાલે રાત્રે તે પોતાનો ધંધાનું કામ પુરુ કરી ઘરે ગયો હતો અને ત્યાંથી તે તેમની બાજુમાં જ રહેતાં મિત્ર ઉદય ઉર્ફે લાલા સાથે રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ બાઈકમાં જમવાનું લેવાં માટે બઝારમાં નીકળ્યાં હતાં. ત્યારે બાઈક સતીષ ચલાવતો હતો. બંને મિત્ર મચ્છી ચોક પાસે પહોંચતા ત્યાં અંધારામાં છુપાઈને બેસેલો નિરજ ધરમ પરમાર નામનો શખ્સ છરી સાથે બહાર આવ્યો હતો અને સતિષની બાઈકને આંતરી બાઈક ઉભી રખાવી હતી. બાદમાં આરોપીએ યુવાનને મારે તારી સાથે બાજવું છે કહીં ઝઘડો કરવાં લાગ્યો હતો.

પરંતુ સતિષે મારે તારી સાથે બાજવું નથી કહેતાં આરોપી ઉશ્કેરાયો હતો અને પોતાની પાસે રહેલ છરીથી મૃતકની સાથળના ભાગે આડેધડ ઘા ઝીંકી નાસી છૂટ્યો હતો.બાદમાં છરીથી થયેલ હુમલામાં લોહીલુહાણ થયેલ યુવાન ઘટનાસ્થળે જ બેભાન થઈ ગયો હતો. બનાવની જાણ થતાં યુવાનના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં અને ૧૦૮ મારફતે તેને સારવારમાં ખસેડવામાં આવતો હતો. ત્યારે રસ્તામાં જ યુવાને દમ તોડી દિધો હતો. સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી રૂમમાં યુવાનને ખસેડાતા ફરજ પરના તબીબોએ તેને



તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી આરોપી નિરજ પરમારની શોધખોળ હાથ ધરી ગણતરીની કલાકોમાં પકડી પૂછતાછ હાથ ધરી હતી.બનાવ અંગે મૃતકના મોટા ભાઈ રાકેશભાઈ ઉર્ફે રાજેશ વિઠ્ઠલભાઈ સોલંકીએ ફરીયાદ નોંધાવતા થોરાળા પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ મનપા દ્વારા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૭૦૦/-નો વહીવટીચાર્જ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૪.૦૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૭૫૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૫૫૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૧.૬૦૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૪૦૦/ -નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.




ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્પેકટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ મેડિકલ કોલેજમાં બે દિવસ માટે યોગ શિબિર યોજાઇ



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના માર્ગદર્શન અનુસાર રાજકોટ ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં બે દિવસ યોગ શિબિર અને ધ્યાનયોગ અન સંવાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ કોલેજમાં એમબીબીએસ ના મેડિકલ સ્ટુડન્ટ ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ને યોગ આસન પ્રાણાયામ તેમજ માનસિક તનાવથી મુક્ત રહેવા માટે મેડીટેશન કરાવવામાં આવ્યું સ્ટેટ કો-ઓર્ડિનેટર શ્રી અનિલભાઈ ત્રિવેદી ઝોન કોડીનેટર શ્રી વંદનાબેન રાજાણી મહાનગરપાલિકા કોર્ડીનેટર શ્રી ગીતાબેન સોજીત્રા અને મીતાબેન તેરૈયા તેમજ સોશિયલ મીડિયા કોડીનેટર દર્શનાબેન આહીયા અને યોગકોચ ડોક્ટર ધર્મિષ્ઠાબેન હિંગળાજિયા ના સહયોગથી મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ અને સ્ટાફ ની હાજરીમાં ખુબ સરસ બે દિવસ યોગ શિબિર અને સંવાદ કરવામાં આવ્યો હતો

# શિક્ષણ-સંસ્કારોનું સિંચન કરતી મોદી સ્કુલની સિલ્વર જયુબીલી

## ૧૫૦ ફુટ રોડ પર કાલથી મેગા ઈવેન્ટ : એમ-પ્લસ-૩ કોમર્સ બજારનું આયોજન : ઈજનેરો, ડોકટર, સીએ સહિતના ઉચ્ચ પદ શોભાવતા સ્કુલના છાત્રો : સુવર્ણ યાત્રા વર્ણવતા ડો.મોદી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રેષ્ઠ શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્યની સાથે ઉચ્ચ કારકિર્દીના ઘડતરનો પર્યાય તથા ઉત્કૃષ્ટ શિક્ષણ દ્વારા રાષ્ટ્રનિર્માણ એવા અભિગમ સાથે રાજકોટ અને જામનગરમાં મોદી સ્કૂલ ૨૫ વર્ષથી હરણફાળ ગતિથી કાર્યરત છે. ગુજરાતની ટોપ સ્કુલમાં સ્થાન પામેલી રાજકોટની સૌપ્રથમ સૌથી મોટી સેલ્ફ ફાયનાન્સ સ્કુલ રજત જયંતી વર્ષની ઉજવણી શરૂ કરવા જઈ રહી છે અને આ નિમિતે શાળાની યુવાનીની સફર અને હવેના કાર્યક્રમો પણ શાળા પરિવારે આજે પત્રકાર પરિષદમાં જાહેર કર્યા હતા.

શિક્ષણ જગતના ભીષ્મ પિતામહ એવા મુરબ્બી ગીજુભાઈ ભરાડના વિદ્યાર્થી અને તેમની પાસે તૈયાર થયેલ ઈ.સ.૧૯૮૨ થી શૈક્ષણિક વ્યવસાય સાથે સંકળાયેલા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્પેસ સાયન્સમાં સૌ પ્રથમ પીએચ.ડી. થનાર એવા ડો. રશ્મિકાંત મોદીએ વર્ષ ૧૯૯૯ માં રાજકોટ શહેરમાં વિજ્ઞાન પ્રવાહની સૌ પ્રથમ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ શરૂ કરી. જેમાં આજે રાજકોટ - જામનગરની સ્કૂલની વિવિધ શાખાઓમાં ૧૬૦૦૦થી વધુ આસપાસ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. જેમાં ગુજરાત બોર્ડમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ તથા સીબીએસઈના નર્સરીથી ધો. ૧૨ સાયન્સ / કોમર્સ / આર્ટ્સના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કાલાવડ રોડ પર આવેલ ઈશ્વરીયા ગામમાં બોયઝ અને ગર્લ્સના અલગ-અલગ કેમ્પસમાં બોર્ડિંગ પણ કાર્યરત છે.

ડો.રશ્મિકાંત મોદીએ જણાવ્યું હતું કે આજ સુધી મોદી સ્કૂલમાં અભ્યાસ કરી હજારો વિદ્યાર્થીઓ એન્જિનિયર, ડોકટર, ચાર્ટડ એકાઉટન્ટ, ઉદ્યોગપતિ, વકીલ, ફાર્માસીસ્ટ, શિક્ષક, પ્રોફેસર બન્યા છે. કેટલાય વિદ્યાર્થીઓ જીપીએસસી અને યુપીએસસી જેવી પરીક્ષાઓ પાસ કરી, સરકારી કચેરીઓમાં ઉચ્ચ હોદ્દાઓ પર શ્રેષ્ઠ કામગીરી કરે છે. સરકારી કચેરીઓથી માંડી રમત-ગમત ક્ષેત્રમાં પણ ભુતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓની ભાગીદારી છે. એનસીસી, સ્કાઉટ ગાઈડ પર ભાર મૂકવામાં આવે છે. ૧૧૦૦ વિદ્યાર્થી સ્કાઉટ ગાઈડમાં જોડાયેલા છે અને રાજયપાલ તથા રાષ્ટ્રપતિ પુરસ્કાર મેળવનારા સૌથી વધુ છાત્રો આ શાળાના છે.

ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડના પરિણામો, જેઈઈ, ૯૯+ પીઆર જેવા શ્રેષ્ઠ પરિણામો માટે ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકો ઉપરાંત આઉટ સ્ટેટના શિક્ષકોની ખૂબ મોટી ટીમ કાર્યરત હોય છે. હાલમાં નીટ-યુજી માટે સુપ્રિમ કોર્ટમાં ચાલેલા કેસમાં સોલિસિટર જનરલે રાજકોટના નીટના પરિણામો વર્ષોથી ખૂબ સારા આવે છે. તેઓ ખૂબ મહેનત કરાવે છે એવી નોંધ લીધી જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. જેની તૈયારી શાળા જ કરાવે છે. ૨૫ વર્ષની ઉજવણી માટે સંસ્થાના સહસ્થાપક પારસ સર તથા નવી જનરેશનના ધવલ સર, હિત સર, આત્મન સરના માર્ગદર્શન નીચે મોદી સ્કૂલે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે. જેમાં ૮ હજાર વૃક્ષારોપણ, નિયમીત રકતદાન કેમ્પ, વડિલ વંદના કાર્યક્રમ, હેલ્પેજ ઈન્ડિયા સંસ્થાને ૩૦ લાખનું અનુદાન, ૬ જગ્યાએ વોટર રીચાર્જ, આણંદપર ખાતે ચેકડેમ, હોશિયાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ઉચ્ચ તાલીમ સામેલ છે. મોદી સ્કુલની તમામ બ્રાન્ચ ખાતે આર્ટફેર યોજાશે તો તા. ૨૨ થી ૨૫ પારિજાત પાર્ટી પ્લોટ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા આ વર્ષે કોમર્સ બજાર નએમ-પ્લસ-૩' નામે મેગા ઈવેન્ટ યોજાઈ રહી છે. જે માટે શિક્ષકો અને પ્રિન્સીપાલની ટીમ સાથે નોનટીચીંગ સ્ટાફ પણ કાર્યરત છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# પશ્ચિમ રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૨૪ સ્ટેશનોનો પુનઃવિકાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુસાફરો માટે અત્યાધુનિક સુવિધાઓ અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પશ્ચિમ રેલવેએ ૧૨૪ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળના ૩૦, વડોદરામાં ૧૮, રતલામના ૧૯, અમદાવાદના ૨૦, ભાવનગરના ૨૦ અને રાજકોટ મંડળના ૧૭ સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલ્વે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે. સુરત રેલ્વે સ્ટેશન વિકસિત કરવામાં આવી રહેલા આ પ્રમુખ સ્ટેશનોમાંથી એક છે. સુરત સ્ટેશનને મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (ખખઝઈ) તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રેલવે, ૠજીછઝઈ સિટી બસ ટર્મિનલ સ્ટેશન, મેટ્રો વગેરેને એકીકૃત કરશે. સુરત સ્ટેશનને આર્કિટેક્ચરલ વાતાવરણને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે સમગ્ર સ્ટેશન પરિસરનો એકંદર દેખાવ આંતરરાષ્ટ્રીય ધોરણોના બિઝનેસ સેન્ટર જેવો હોય. યોગ્ય રવેશ, પૂર્ણાહુતિ, રંગ, સામગ્રી, ટેક્સચર દ્વારા એકીકૃત થીમ તેની ભવ્યતામાં વધારો કરશે. ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક અને વેપાર અને વાણિજ્યનું મુખ્ય કેન્દ્ર સુરત રેલ્વે સ્ટેશન પેસેન્જર ટ્રાફિક અને આર્થિક પ્રવૃત્તિઓ માટે એક મહત્વપૂર્ણ હબમાં પરિવર્તિત થશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રેસ રિલીઝ મુજબ, સુરત સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ ₹૧,૪૭૭ કરોડ છે, જેમાં ગુજરાત સરકારનો ફાળો




અંદાજે ₹૪૮૧ કરોડ છે, જ્યારે રેલવેનું યોગદાન ₹૯૯૬ કરોડથી વધુ છે. સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જઈઝઈઘ), ભારતીય રેલ્વે અને ગુજરાત સરકારના સહયોગથી રચાયેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (જઙટ) દ્વારા પુનઃવિકાસ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં સ્ટેશન બિલ્ડિંગનું વિસ્તરણ, પ્લેટફોર્મ અપગ્રેડેશન, મુસાફરોની સુવિધાઓમાં સુધારો અને સ્ટેશન સંકુલનું બ્યુટિફિકેશન સામેલ છે.

પુનઃવિકાસિત સુરત સ્ટેશનમાં વિશ્વ કક્ષાની મુસાફરોની સુવિધાઓ ઉપલબ્ધ હશે, જેમાં ૧૦,૯૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલ વિશાળ ઓડિટોરિયમ, લાઉન્જ, છૂટક દુકાનો અને સ્કાયવોક સામેલ હશે. ભીડને નિયંત્રિત કરવા માટે પ્લેટફોર્મની ઉપર વધારાની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

# ગુના નિવારણ શાખા ની ટીમ દેશી વિદેશી દારૂના હાટડા પર ત્રાટકીઃ બે મહિલા સહિત છ શખ્સોની અટકાયત



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેમ વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગની માફકે પુરજોશમાં દેશી દારૂનો વેપલો ચાલતો હોય અને ખુલ્લેઆમ બુટલેગરો વિદેશી દારૂ નું વેચાણ કરતા હોય પોલીસે પણ લાલા કરી વેપલો કરતા બુટલેગરોને દબોચી લેવા કમર કસી છે ત્યારે ગઈકાલે ગુના નિવારણ શાખાની ટીમે શહેરમાં દેશી વિદેશી દારૂના હાટડા પર દરોડા પાડી બે મહિલા સહિત છ શખ્સોને દબોચી લઈ દારૂનો જથ્થો કબજે કર્યો છે. ગુના નિવારણ શાખાની ટીમના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાની સૂચનાથી પીએસઆઈ એમ જે હુંણ ના માર્ગદર્શન હેઠળ એએસઆઈ મયુર પટેલ તથા સંતોષભાઈ તથા મહિપાલસિંહ હેડ કોસ્ટેબલ કિરત સિંહ તથા કરણભાઈ મારુ સહિત ના સ્ટાફે ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જંગલેશ્વર હુસેની ચોક પાસે થી ઈરફાન હિસાબ જુણેજા ને દબોચી લઈ બાર બોટલ દારૂની કબજે કરી હતી જ્યારે દૂધસાગર રોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડ કોટરમાં રહેતો સાજીદ અબીબ બુટા નામનો કુવાડવા નજીક વિદેશી દારૂની છ બોટલ અને બિયરના ૨૪ નંગ ટીમ લઈ નીકળતા પોલીસે દબોચી લીધો હતો જ્યારે આજીડેમ વિસ્તારમાંથી કૈલાસ સેવલા ઉર્ફે શીવો કોચરા નમનો પરપ્રાંતી અસર ૬૪ દારૂના ચપલા સાથે ઝડપાયો હતો જ્યારે રણુજાનગર માં રહેતી હંસા શામજી વરાણીયા નામની મહિલા બુટલેગરના ઘરમાંથી ૧૧૫ લીટર દેશી દારૂ ઝડપાયો હતો તથા કુવાડવા ગામ પાસે ક્રિષ્ના કૈલાશ પીપળીયા નામની મહિલાના મકાનમાંથી ૧૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો જ્યારે અરવિંદ રામજી બહુકિયા અને યાસીન અકબર શાહમદર નામના બે શખ્સોને પોલીસે પકડવા કવાયત હાથ ધરી છે

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજાની તોફાની બેટિંગ

## બંગાળની ખાડીના લો પ્રેસરની ભારે અસર : લોધિકામાં ૫, મોરબીમાં ૪, કુંકાવાવ ૩, રાજકોટ-પોરબંદર અઢી, થાનગઢમાં બે ઈંચ વરસાદ પડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બંગાળીની ખાડીનાં લો પ્રેસરનાં પગલે મેઘરાજાએ સૌરાષ્ટ્રને ધમરોળવાનું હજુ ચાલુ જ રાખ્યુ છે અને ઠેર ઠેર હળવોથી ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજકોટ શહેર જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં વધુ ૧ થી ૫ ઈંચ વરસાદ ગાજવીજ સાથે ખાબકી ગયો હતો.

જેમાં સૌથી વધુ રાજકોટ જિલ્લાનાં લોધીકામાં ૫ ઈંચ, મોરબીમાં ૪, જુનાગઢના મેંદરડા અને માળીયા હાટીનામાં ૩.૫ ઈંચ, અમરેલીના કુંકાવાવમાં ૩, જામનગરનાં કાલાવડમાં ૨.૫, પોરબંદરના રાણાવાવ અને રાજકોટ શહેરમાં ૨.૫ ઈંચ તથા દ્વારકાનાં કલ્યાણપુર, સુરેન્દ્રનગરનાં થાનગઢ જુનાગઢ શહેરમાં ૨ ઈંચ, રાજકોટનાં કોટડાસાંગાણીમાં ૧.૫, વાંકાનેર ૧.૫, ખંભાળીયામાં ૧.૫, વંથલી, સાવરકુંડલામાં પણ ૧.૫ ઈંચ, જયારે રાજકોટ જિલ્લાનાં ધોરાજીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રમાં સતત વરસાદનાં પગલે ખેડુતોને મોઢામાં આવેલો કોળીયો ઝુંટવાઈ ગયો છે અને મોટુ નુકસાન થયું છે. દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ ગઈકાલે મોટી પાનેલી ખાતે બપોરના ત્રણ કલાકથી સાંજના પાંચ કલાક સુધીમાં જોરદાર પવન તથા વીજળીના કડાકા ભડાકા સાથે વાતાવરણ માં મેઘરાજા ત્રણ ઈંચ વરસાદ વરસાવી ગયેલ છે.

સાથે વાડી વિસ્તારમાં પણ ખેતરોમાં પાણી ભરાઈ ગયેલા છે જે નુકસાનકારક હોય ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયેલ છે હાથમાં આવેલો કોળિયો ઈશ્વર જટી લેશે તેઓ ભય ખેડૂતોને મૂંઝવી રહેલ છે હજી પણ વરસાદી માહોલ ચાલુ જ છે.

ઉના તેમજ ગીર ગઢડા પંથકમાં પણ છેલ્લા ૨ દિવસથી વરસાદી માહોલ વચ્ચે વરસાદ વરસતા નાઘેર પંથક મા આસો એ અષાઢી માહોલ જોવા મળતા ૧.૫ ઈંચ થી વધુ વરસાદ વરસતા ખેડૂતો ના ચહેરા પર આફત જોવા મળતી હતી.

નાઘેર પંથકમા ઓણ સાલ વરસાદ ઓછો વરસ્યો હોવા થી લોકો મા ચિંતા ના વાદળો ઘેરાયેલા જોવા મળતા હતા અને ચોમાસા ની વિદાય પણ થઈ



ગયેલ અને મગફળી નું વાવેતર પણ પુષ્કળ પ્રમાણ મા થયેલ હોય ત્યારે કમોસમી વરસાદથી ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે આસો મા અષાઢી માહોલ સર્જાતા ઉના પંથક મા ગત મોડીરાત્રે વરસાદના મંડાણ થતા આજ સાંજ સુધી માં સરેરાશ ૧,૫ ઈંચ થી વધુ વરસાદ વરસી ગયેલ હતો. જ્યારે તાલુકા ના ગ્રામ્ય વિસ્તાર જેવા કે સનખડા,દેલવાડા,ધોકડવા,મોઠા, ખાપટ,જુનાઉગલા સહિત ના ગ્રામ્ય વિસ્તાર મા વરસાદ વરસી જતાં મગફળી ના પાથરા પણ પલળી જતાં ખેડૂતોને વ્યાપક નુકશાની વેઠવાનો વખત આવતા ખેડૂતો નો પાક નિષ્ફળ જતાં રાતા પાણી એ રોવાનો વખત આવ્યો.

# એરપોર્ટ રોડ પર ઈન્કમટેક્સ સોસાયટીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## ડીસીપી ઝોન ૨ એલસીબી ની ટીમે માધાપર ચોકડી બાયપાસ રોડ પર થી ગાંધીધામના તસ્કરને દબોચી લઈ રૂપિયા ૩.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં દિવાળીના તહેવારો પૂર્વે ચોરીના બનાવો ન બને અને અગાઉ થયેલી ચોરીઓ માં આરોપીઓને શોધવા અંગે ની સૂચના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવતા ડી સી પી જોન ડે ની ટીમે માધાપર ચોકડી બાઈપાસ રોડ પરથી એક તસ્કરને દબોચી લઈ રૂપિયા ૩.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કરી અગાઉ એરપોર્ટ રોડ પર ઈન્કમટેક્સ સોસાયટીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવી નાખ્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમના પી.એસ.આઈ આર એચ ઝાલા ની સૂચનાથી એએસઆઈ જેવી ગોહિલ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ તથા રાહુલભાઈ તથા શક્તિસિંહ તથા ધર્મેન્દ્રભાઈ સહિતનો સ્ટાફ માધાપર ચોકડી થી મોરબી બાયપાસ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાદ મહિના આધારે કૈલાશ માધા જાગાવડિયા રહે ગાંધીધામ જીઆઈડીસી પાસે ઝૂંપડપટ્ટી નામના શખ્સને દબોચી લઈ તેની પાસેથી રૂપિયા ૩.૮૬ લાખ ના સોના ચાંદીના દાગીના સહિતનો મુદ્દામલ કબજે કર્યો હતો પોલીસે આખરી પૂછપરછ કરતા શકશે કબુલાત આપી હતી કે અગાઉ તેણે અન્ય એક કિશોર માવજી વરીયા ની સાથે મળી એરપોર્ટ રોડ પર આવેલ ઈન્કમટેક્સ સોસાયટી માં બંધ મકાનમાંથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી પોલીસે આ શખ્સની ધરપકડ કરી અન્ય એક રાધનપુર જિલ્લાના વારાહી ગામના કિશોર માવજી વરૈયા ની શોધખોળ આદરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# દીવાળી પૂર્વ સફાઈના બહાને ચાર સ્થળોએ રૂા.30 લાખની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

## તાલુકા પોલીસે પરપ્રાંતિય શખ્સોની ગેંગને દબોચી લઇ ચોરીનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા કારખાનેદાર- વેપારી અને ફેકટરી માલિક સહીતના ચાર મકાનોમાં દીવાળી નીમીતે સાફ સફાઈ કરવા આવેલા ચાર પરપ્રાંતીયોએ કબાટમાં રહેલ માતબર રકમ જોતા ચારેય મકાનમાંથી રૂ.૩૩ લાખથી વધુની રોકડ મત્તાનો હાથફેરો કરી ફરાર થઈ ગયાના બનાવની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી ચારેય શખસોને ઝડપી લઈ રૂ. ૩૦ લાખની રોકડ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શાલીગ્રામ એપાર્ટમેન્ટ રહેતા અને બાંધકામ તેમજ બે કારખાના ધરાવતા હરસુખ બુચભાઈ ઠુંમ્મર નામના કારખાનેદારના ઘરે દીવાળી નીમીતે ઘરની સફાઈ કામ કરવા આવેલા પ્રભુભાઈ અને ત્રણ અજાણ્યા શખસોએ પરીવારની નજર ચુકવી કબાટમાંથી રૂ.૧૪ લાખની રોકડ મત્તાની ચોરી કરી નાસી છુટયા હતા. અને આ અંગે તાલુકા પોલીસે હરસુખ ઠુંમ્મરની ફરીયાદ પરથી ચારેય સામે ગુનો નોંધયો હતો.તેમજ સાધુવાસવાણી રોડ પર કોપર સ્ટોન એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી હર્ષ પ્રધ્યુમનભાઈ ભીલા ના ઘરેથી સફાઈકામ કરવા ગયેલા પ્રભુ સહીત ચારેય શખસોએ રૂ.૧૬ લાખની રોકડ માંથી રુ.૧૨.૬૩ લાખની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયાની યુનિવર્સિટી પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી. અને બેકબોન પાર્કમાં રહેતા દેવ મુકેશભાઈ બુંટાણી નામના વેપારીના મકાને સફાઈ કામ કરવા ગયેલા બંસી સહીત ત્રણ શખસોએ કબાટમાંથી રૂ.૬૦ હજારની રોકડ મતાની ચોરી કરી ફરાર થઈ ગયાની ફરીયાદ નોધાવવામાં આવીહતી. તેમજ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શાલિગ્રામ એપાર્ટમેન્ટ રહેતા કેતન રમેશભાઈ કથીરીયા નામના વેપારીના મકાને પ્રભુ સહિતના શખસોએ રૂ.૭ લાખની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયાની ફરીયાદ નોંધાવવામાં આવી હતી. ચારેય મકાનમાં તસ્કરો સફાઈના નામે હાથફેરો કર્યો હોવાની ફરીયાદને લઈ તાલુકા પોલીસ મથકના પીઆઈ. હીરપરા તથા પીએસઆઈ બોધાભાઈ ભરવાડ અને પીએસઆઈ કારેણા સહીતના



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સ્ટાફે બાતમીના આધારે મુળ રાજસ્થાન પંથકના અને હાલમાં લક્ષ્મીનગરમાં રહેતા પ્રભુભાઈ મીણા, બંસી મીણા, ભુપેશ મીણા અને કાંતી મીણાને ઝડપી લઈ ચારેય મકાનની ચોરીના ભેદ ઉકેલી નાખી રૂ.૩૦ લાખની રોકડ કબજે કરીહતી.પોલીસની પ્રાથમીક તપાસમાં ચારેય શખસો વર્ષોથી રાજકોટમાં રહી મકાનની સાફ સફાઈનુ કામકાજ કરે છે. અને ચારેય મકાને સફાઈનું કામ કરવા ગયેલા ત્યારે કબાટમાં ખોલી માતબર રકમ જોઈ જતા દાનત બગડતા હાથફેરો કર્યો હોવાની કબુલાત આપી હતી.

# ભાવનગર રોડ પાસેથી સગીર પ્રેમીએ કર્યુ સગીરાનું અપહરણઃ ચોટીલાની હોટલમાં આચર્યું દુષ્કર્મ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરમાં ભાવનગર રોડ નજીક એક વિસ્તારમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી પ્રેમીએ અપહરણ કર્યું હતું. બચાવવા જતા કાકાને કારની ઠોકરે ચડાવ્યા હતા બાદમાં ચોટીલા લઈ જઈ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હોવાના બનાવમાં થોરાળા પોલીસે સગીરાની દાદીની ફરિયાદ શિખ્સ સામે ગુના નોંધી આરોપીની શોધખોળ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આજી વસાહત પાસેના વિસ્તારમાં રહેતા વૃદ્ધાએ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે કૃણાલ નામના શખ્સનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેની સગીર વયની પૌત્રીને ભાવનગર રોડ પર આજી વસાહત નજીક રહેતા કૃણાલ નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી કારમાં અપહરણ કરી ચોટીલા લઈ જઈ હોટેલમાં મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં ઘર પાસે ઉતારી નાસી ગયાનું જણાવ્યું હતું. પીઆઈ વાઘેલા સહિતે તપાસ કરતા અગાઉ પણ આરોપી સગીરાનું અપહરણ કરી ગયો હોવાનું તેમજ તા.૧૯ના રોજ મોડી રાત્રીના બધા સૂતા હતા તે દરમિયાન મળવા આવવાનું કહી બહાર બોલાવી હતી. તે દરમિયાન તેના કાકા સહિતના પરિવારજનો નિદ્રામાંથી જાગી ગયા હતા અને દેકારો કરી તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ કારની ઠોકર મારી સગીરાનું અપહરણ કરી નાસી ગયાનું બહાર આવતા પોલીસે પોક્સો સહિતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી રેવન્યુ તલાટીનું બાઈક ચોરી થઈ ગયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી રેવન્યુ તલાટીનું મોટર સાયકલ ચોરી થઈ ગયું હતું. આ અંગે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ નોંધાવતા રાજેશભાઈ નરશીભાઈ ગઢાદરા (ઉવ.૩૦, રહે. માત્રાના દરવાજા પાસે જમાભાઈ સોનીની વાડીમાં, વિંછીયા)એ જણાવ્યું કે, હું વિંછીયા મામલતદાર કચેરીમાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવું છું.

ગઈ તા.૯/૧૦/૨૦૨૪ ના રોજ આશરે સાડા અગ્યારેક વાગ્યાથી પોણા બારેક વાગ્યાના અરસામાં અમારી કચેરીના પટ્ટાવાળા અજયભાઈ ખીમાભાઈ પરમાર (રહે.ફુલઝર તા.વિંછીયા) મારી પાસે આવેલ અને મને કહેલ કે, મારે પોસ્ટ ઓફીસ જવું છે. જેથી મેં મારા જીજે -૦૩- કેઈ -૭૩૯૦ નંબરના મોટર સાયકલની ચાવી અજયભાઈને આપેલ. તેઓ આશરે સાડા બારેક વાગ્યાની



આસપાસ બાઈકની ચાવી પાછી આપી ગયેલ. હું કલાક ૦૧.૫૬ વાગ્યે જમવા જમવાનું હોવાથી પાર્કિંગમાં બાઈક શોધતા મળી આવેલ ન હોય જેથી મે કચેરીના પટ્ટા વાળા અજયભાઈને ફોન કરતા રૂબરૂ બોલાવતા તેણે જ્યાં પાર્કિંગમાં બાઈક મૂક્યું હતું ત્યાંથી મળી આવેલ નહીં. જેથી મેં બાઈક ચોરી અંગે ઈ એફઆઈઆર કરી હતી. વિંછીયા પોલીસે ઈ એફઆઈઆરના આધારે અજાણ્યા બાઈક ચોર સામે ગુનો દાખલ કર્યો છે.

# નવા રીંગ રોડ પર ધાક જમાવા હવામાં ફાયરીગ કરવાના ગુનામાં દંપતિને નિદોષ જાહેર કરતી કોર્ટ

## બે વર્ષ પહેલા પતિના લાયસન્સ વાળા હથિયારમાંથી પત્નીએ ભડાકા કર્યાનો વીડિયો વાયરલ થતા ગુનો નોંધાયો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના ગૌરવ સમાં કાલાવડ રોડ પર બે વર્ષ પૂર્વે રાત્રિમાં સમયે લોકોના જીવ જોખમમાં મૂકી અને ભય ઉત્પન્ન કરી અને ધાક જમાવવાના હેતુ સાથે હવામાં ફાયરિંગ કર્યાના ગુનાઓ કેસ ચાલી જતા અદાલતે દંપત્તિને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરમાં ૧૫૦ રીંગ રોડ પર નવા બનતા બિલ્ડીંગ પાસે જાહેરમાં મહિલાએ ફાયરિંગ કરી વિડીયો વાયરલ થયાની ઘટનાને પગલે પોલીસ તપાસમાં આ મહિલા તૃપ્તિબેન સાવલિયા હોવાનું ખુંલતા જેના આધારે પોલીસે તૃપ્તિબેનની અટકાયત કરી આ હથિયાર તેના પતિ દિલીપભાઈ સાવલિયા નું હોવાનું અને કાલાવડ રોડ પર રાત્રિના સમયે દિલીપભાઈ ના લાયસન્સ વાળા અત્યારમાંથી તૃપ્તિબેન હવામાં ફાયરિંગ કરતા હોય તેવો વિડીયો તેના પતિ દિલીપભાઈ ઉતારી હતો અને તે વાયરલ કર્યાનું ખુલતા ગાંધીગ્રામ પોલીસ મથક સ્ટાફે ગુનો નોંધી મોબાઈલ અને હથિયાર કબજે કર્યું હતું. બાદ તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતું.

આ કેસ કોર્ટમાં ચાલવા પર આવતા ધારાશાસ્ત્રી ગિરીરાજસિંહ સી. જાડેજા હાજર. રહી કેસની કાર્યવાહી આગળ ચલાવેલી. પ્રોસીકયુશન તરફથી પોલીસ કર્મચારી સહિત કુલ-૧૧ સાહેદ તપાસવામાં આવેલા, જે તમામ સાહેદનોની આરોપીનાં વકીલ એ તર્કપુર્વક કરેલી ઉલટતપાસ અને રેકોર્ડ પર રજુ થયેલ સામગ્રી વિશેની રજુ રાખેલ દલીલ અને દસ્તાવેજો તેમજ ઈલેકટ્રોનીક પુરાવાઓ વિશે કરેલી વિસ્તૃત દલીલ તથા રજુ રાખેલ વડી અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અને ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની, બન્ને આરોપીઓ ગુન્હા આર્મ્સ એકટની કલમ અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરી અને કબજે કરેલ મોબાઈલ તથા રીવોલ્વર હથિયાર પરત કરવાનો હુકમ ફરમાવેલો છે.

આ કેસમાં બન્ને આરોપી તરફે રાજકોટનાં પ્રસિધ્ધ ધારાશાસ્ત્રી ગિરિરાજસિંહ સી. જાડેજા, મહિરાજ સી. જાડેજા, મુકેશભાઈ પંડયા, નરેન્દ્રસિંહ જાડેજા અને અજય એન. ચાંપાનેરી વકીલ તરીકે રોકાયેલા હતા.

# જેતપુર પાસે પાંચ દિવસ પહેલા અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મોત

જેતપુર નજીક પાંચ દિવસ પૂર્વે કારની ઠોકરે ઘવાયેલા રાજકોટના બાઈક ચાલક યુવાનનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. રૂખાડિયાપરામાં રહેતો યુવાન સગીરા અને બાળક સાથે બાઈક લઈ ધોરાજી જતો હતો ત્યારે કાર ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સગીરા અને બાળકને પણ ઈજા થઇ હતી. જાણવા મળતી વિગત મુજબ, રૂખાડીયાપરામાં રાજીવ નગરમાં રહેતો નવાબ મહેબુબભાઈ બુખારી (ઉવ.૨૩) નામનો યુવાન ગત તા.૫/૧૦ના રોજ રિયા હનીશભાઈ શેખ (ઉવ.૧૨) અને ફેજ અમીતભાઈ બેલીમ (ઉવ.૪)ને લઈ બાઈક ઉપર ધોરાજી જઈ રહ્યો હતો દરમિયાન જેતપુર નજીક બાયપાસ હાઈવે પર પધારો હોટલ પાસે અજાણી કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં યુવાન સહિત ત્રણેયને ઈજા થતા સારવાર માટે પ્રથમ જેતપુર બાદ વધુ સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા નવાબ બુખારીનું હોસ્પિટલના બિછાને આજે સવારે મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં મોટો અને અપરિણત હોવાનું જાણવા મળ્યું છે. બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે જેતપુર તાલુકા પોલીસે અકસ્માત સર્જી નાશી છુટેલા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તજવીજ હાથ ધરી છે.

# થાનની સગીરા પર દુષ્કર્મ કેસમાં કુવાડવાનો શખ્સ સહિત ચાર ઝડપાયા



થાનમાં રહેતા શ્રમિક પરીવારની સગીર વયની દિકરી સાતેક માસ પહેલાં દર્શન મુકેશભાઈ સદાદીયા સાથે સંપર્કમાં આવી હતી. અને આ શખ્સ હરીનગર ખાતેના એક મકાનમાં સગીરાને લઈ ગયો હતો. અને દુષ્કર્મ આચર્યુ હતુ. બાદમાં અજય મનાભાઈ અલગોતર, શૈલેષ ઉકાભાઈ અલગોતર, ધ્રુવ મહેન્દ્રભાઈ ચાવડા, કૌશીક ઉર્ફે લાલો હરેશભાઈ ગોસ્વામી, વિજયસીંહ નરેન્દ્રસીંહ સોલંકી અલગ-અલગ સમયે હરીનગરમાં લઈ જઈ દુષ્કર્મ આચરતા હતા. જયારે તા. ૧૨-૧૦ના રોજ અજય ભરવાડ સગીરાને થાનથી ચોટીલા લઈ ગયો હતો. ત્યાંથી લીંબડી અને સુરત લઈ જવાઈ હતી. જેમાં કાના ઉર્ફે હરીએ સુરત તેની ગર્લફ્રેન્ડના ઘરે સગીરાને રાખી હતી. આ બનાવની સગીરાની માતાએ આઠ આરોપીઓ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેમાં ફરિયાદ નોંધાયા બાદ ગણતરીના કલાકોમાં દર્શન સદાદીયા પકડાયો હતો. ત્યારે થાન પીઆઈ વી. કે. ખાંટના માર્ગદર્શનથી પોલીસે આરોપીઓના આશ્રયસ્થાન સુરતના કોસંબા, રાજકોટના કુવાડવા, થાન અવલીયા ઠાકરની જગ્યા પાછળ માંડવ વીડમાં દરોડા કર્યા હતા. જેમાં વધુ ૪ આરોપીઓ અજય ઉર્ફે ગડો મનાભાઈ અલગોતર, અજય ઉર્ફે નાગજી દેવકરણભાઈ મારૂ, ધ્રુવ ઉર્ફે ધુલો મહેન્દ્રભાઈ ચાવડા અને હરેશ ઉર્ફે કાનો ઉર્ફે હરી ભનુભાઈ મારૂને ઝડપી લેવાયા છે અને તેઓને વધુ તપાસ અર્થે કોર્ટ સમક્ષ રજૂ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

# જામનગર રોડ પર પતિએ ભરણ પોષણનો કેસ પાછો ખેચી લેવા પત્નીને આપી ધમકી

જામનગર રોડ પરના સમંત શિખર એપોર્ટમેન્ટમાં રહેતી સ્વાતીબેન પુજારા નામની પરીણીતાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું છે કે તેણીને તેના પતિ મારકુટ કરતા હોવાથી વર્ષ ૨૦૨૧થી તેના પુત્ર સાથે અલગ રહે છે. તેણી ગત.તા.૧૩/૮ના ઘરની વસ્તુ લેવા બહાર નીકળી ત્યારે જીજે ૩૬ અઈ ૪૭૪૦ નંબરના વાહન ચાલકે પીછો કરી તેણીને તેના ઘરની પાછળની શેરીમાં ઉભી રાખેલ અને કહ્યું કે તારા પતિ સામે ખાધા ખોરાકીનો કેસ કોર્ટમાંથી પરત ખેચી લે નહીતર તારા પુત્રને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હોવાથી તેણીએ તેની ઓળખાણ પુછતા શખસે કોઈ જવાબ આપેલ નહીં જેથી તેણીના હાથમાં રહેલ ફોનમાં શખસનો ફોટો પાડી લીધેલ હતો.બાદમાં તે શખસ પોતાનું મોટર સાયકલ લઈ નાશી છુટયો હતો.અને તેણીના પતિએ જ આ શખસને ધમકી આપવા મોકલયો હોવાની શંકાએ ફરીયાદ નોંધાવતા પીએસઆઈ એ.એસ.મકરાણીએ ગુનો નોંધી શખસની શોધખોળ હાથ ધરી છે.

# પુષ્કરધામ મેઈન રોડ નજીક અમુલ પાર્લર પર વિજળી પડતા આગ લાગીઃ 30 લાખનું નુકશાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ભારે પવન સાથે વરસાદ ત્રાટકયો ત્યારે પુષ્કરધામ મેઈન રોડ નજીક આવેલ દુકાનમાં વીજળી પડતા આગ ભભુકી હતી.અને બનાવ અંગેની ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ફાયટરો દોડી જઈ પાણીનો મારો ચલાવી ૧ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટયા હતા. વીજળી પડયાના કારણે આગ ભભુકતા દુકાનનો તમામ સામાન મળીને ખાખ થયો હતો.અને દુકાન માલિકને આશરે રૂ.૩૦ લાખનું નુકશાન થયું છે. આ અંગેની માહિતી મુજબ પુષ્કરધામ મેઈન રોડ નજીક આલાપ એવન્યુ પાસે આવેલ અમુલ પાર્લરમાં બપોરે વીજળી પડતા પાર્લરમાં આગ ભભુકી હતી. અને બનાવ અંગેની સ્થાનિકે ફાયર બ્રિગ્રેડને જાણ કરતા ફાયરનો સ્ટાફ દોડી ગયો હતો. અને સતત ૧ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.



બનાવ અંગેની દુકાન માલિકને જાણ થતા તેઓ દોડી ગયા હતા. અને બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. આગમાં ૭ મોટા ફ્રિઝ તથા નાની-મોટી ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ હતી. અને આગ લાગવાથી રૂ.૩૦ લાખનું નુકશાન થયાનું જાણવા મળ્યું છે. અને આગ લાગતા આસપાસમાં અફડા-તફડીનો બ્રિગેડના સ્ટાફે આસપાસમાં આવેલ દુકાન-મકાનમાં આગ પસરે નહીં તે પુર્વે જ આગ પર કાબુ મેળવી લીધો હતો. અને બનાવના પગલે લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવતા આસપાસના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.સદનશીબે કોઈ જાનહાની થઈ નહોતી.

# બોલબોલ કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા ચાર શખ્સોનો વેપારી પર પાઈપથી હિંચકારો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરમાં બોલબોલ કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા ચાર શખ્સોએ વેપારી પર પાઈપથી હિંચકારો હુમલો કરતાં ગંભીર રીતે ઘવાયેલા વેપારીને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે જેતપુર સીટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે જેતપુરમાં રિલાયન્સ પેટ્રોલ પંપની સામેની શેરી, કેનાલના પુલ પાસે રહેતાં હિરેનભાઈ ઉર્ફે ગટી રસીકભાઈ વઘાસીયા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કૌશિક બરવાડિયા, તુષાર કાંતિ આંબલિયા, ભાવિન કાંતિ આંબલિયા અને કાંતી આંબલિયા (રહે. તમામ જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કલર અને કેમીકલનો વેપાર કરી પરીવારનું ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૧૮ ના રાત્રીના દશેક વાગ્યાના વખતે તેમના મિત્રો નિરવ સેંજલીયા તથા નિલેશભાઈ વોરા જે સુરતથી આવેલ હોય, જેથી તેમની સાથે અમરનગર રોડ ઉપર આવેલ શુકન કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલ ચા ની દુકાને ચા પીતા હતા ત્યારે નિરવ સેંજલીયાનો મિત્ર કૌશીક બરવાડીયા તેમની પાસે ઘસી આવેલ અને ધંધાની વાત કરતા હતા ત્યારે કૌશીક વચ્ચે બોલચાલી કરતો હોય જેથી તેમને વચ્ચે બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરવા લાગેલ અને બાદમાં કૌશીક ફોનમાં વાત કરતો કરતો ત્યાંથી જતો રહ્યો હતો.

વિશેક મીનીટ બાદ તેઓ બાઈક લઈ જમવા જતો હતો અને મિત્રો કારમાં પાછળ આવતા હતા ત્યારે અમરનગર રોડ પર પહોંચેલ તો ત્યાં કૌશીક બરવાડીયા, તુષાર આંબલીયા, ભાવિન આંબલીયા અને તુષારના પિતા કાંતી આંબલીયા રસ્તામાં ઉભેલ હતાં અને તેઓએ તેમને આંતરી ગાળો આપવા લાગેલ અને ચારેય શખ્સો ઢીકા-પાટુનો મારમાર્યો હતો. દરમિયાન ભાવિન આંબલીયા લોખંડનો પાઈપ લઈ આવી માથાના પાછળના ભાગે મારી દિધેલ અને તેમના મિત્રો નિરવ સેંજલીયા તથા નિલેશ વોરા આવી ગયેલ જેથી આરોપીઓ નાસી છૂટ્યા હતાં. બાદમાં યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ધો.૧૧ના વિદ્યાર્થીને આપઘાતની ફરજ પાડનાર આચાર્ય અને બે શિક્ષિકા સામે ફરિયાદ

## પરિક્ષામાં પેપર ઘરેથી લખીને આપ્યો છો તેમ કહી પોલીસ ફરિયાદની ધમકી આપતા છાત્રાએ જીવન ટુંકાવી લીધું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

છાપરા ગામે રહેતા ભરતભાઈ ડુંગરભાઈ વરૂએ મેટોડા પોલીસમાં આચાર્ય સચિન વ્યાસ, શિક્ષિકા મોસમી શાહ અને વિભુતીબેન જોપી સહિતના ત્રણ સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં ગત.તા.૧૯ના તેઓના દિકરાને છ માસીકની પરીક્ષા ચાલુ હોય જેથી વહેલો સ્કુલે જવા નીકળી ગયો હતો અને બપોરે બે વાગ્યા આસપાસ તેઓના દીકરાના ફોનમાંથી સોહમનો ફોન આવેલો અને કહયુ કે ધ્રુવીલને મજા નથી તમે જલદી ઘરે આવો જેથી તેઓ તેના માલઢોર નાના ભાઈને સાચવવાનું કહી ઘરે ગયા હતા ત્યારે પત્ની તથા આસપાસના લોકો તેના ઘરે હાજર હતા. જેથી તેઓએ ધ્રુમીલ કયા છે બાબતે પુછતા પત્નીએ કહયુ કે ધ્રુમીલે ગળે ફાંસો ખાઈ લીધો છે અને રાજેશભાઈ અને બીજા માણસો દવાખાને લઈ ગયેલ છે.

દરમિયાન તેના પુત્રનો મોબાઈલ ચેક કરતા તેને બે વીડીયો બનાવ્યાનું જણાયેલ જેમાં પ્રથમ વિડીયોમાં મમ્મી તમે ખુશ રહેજો પપ્પા તમે પણ હંમેશા ખુશ રહેજો. તો જ મારા આત્માને શાંતી મળશે. તેમજ બીજા વિડીયોમાં એક ચીઠી હાથમાં રાખી રડતા રડતા બોલેલ છે કે પત્ર રહયો તે મે જ લખ્યો છે મારા હાથેથી તમે બધા એ પત્ર વાંચી લેજો અને મમ્મી મને માફ કરી દેજો અને મારી સાથે આ જ સરે આવુ કર્યુ હતુ જો તારી સાથે ન હોત તો આજે આ પગલુ મે ભર્યુ નહોત તો પોલીસ મને લઈ જાત ત્યાં જેલમાં રહી ન શકત તેઓ



વિડીયો બનાવેલ હતો અને સાંજે તેઓના મોટાભાઈ ઘરે આવતા પુત્ર બાબતે પુછતા તેને કહયુ કે લોધીકા હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

પુત્રના ખિસ્સામાંથી એક ચીઠી મળેલ જેમાં લખેલ કે ટીચરને તેને સાબીત કરી આપ્યુ હતુ કે પેપર તેને ઘરેથી નથી લખ્યુ તો પણ પોલીસની ધમકી આપી પેપરમાં ચોકડા માય હતા. આમ આચાર્ય અને બે શિક્ષિકાએ તેઓના પુત્રને પોલીસની ખોટી ધમકી આપી મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# અંધશ્રદ્ધામાં ગળાડુબ સાસરીયા સાથે પરિણીતાનુ પુનઃમિલન કરાવતી ટીમ અભયમ

## માતા-પિતાનો ફોન આવતા પરિણીતા ચાલુ નૈવેધે નીકળી જતા માતાજીનું અપમાન કર્યાનો આક્ષેપ કરી ઘરમાં આવવાની મનાઈ કરી હતી

રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાંથી એક મહિલાનો ૧૮૧ મહિલા અભયમ પર કોલ આવેલ હતો કે મારા સાસરીવાળા મને ઘરમાં આવવાની મનાઈ કરે છે અને મારી બે નાની દીકરીઓનું મોઢું જોવા દેતા નથી માટે મદદની જરૂર છે. ૧૮૧ ટીમના કાઉન્સિલર તૃપ્તિ પટેલ સહિતના પીડિત મહિલા સુધી પહોંચેલ અને જાણ્યું તો મહિલા બે દિવસથી તેમની સાસરીમાં જવાનો પ્રયત્ન કરતા હોય પરંતુ તેમની સાસરીવાળા ઘરમાં આવવાની મનાઈ કરતા હોય માટે પરિણીતાએ તેમની સાસરીથી નજીક તેમના ફઈનું ઘર હોય ત્યાં રોકાણ કર્યું હતું. મહિલાએ જણાવેલ કે તેઓ સાસરી પક્ષના માનસિક ત્રાસથી કંટાળી પાંચ દિવસ પહેલા પિયર જતા રહેલ હોય પરંતુ પરિણીતા તેમની બે નાની દીકરીઓને તેમની સાસરી પક્ષ પાસે છોડી ગયા હોય અને દીકરીઓ વગર રહી ના શકતા બે દિવસથી તેમની સાસરીમાં જવાનો પ્રયત્ન કરતા હોય પરંતુ આજ રોજ સહનશીલતાની હદ થતાં ૧૮૧ અભયમનો સહારો લીધો. ત્યાર બાદ ૧૮૧ ટીમ દ્વારા

મહિલાના સાસરીમાં સાસુ સસરા અને પતિનું કાઉન્સિલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે, તેમના ઘરે તેમની કુળદેવીના નૈવેધ હોય જેની વિધિ ચાલુ હોય તે દરમિયાન તેમના વહુના પિતાનો ફોન આવતા તેમના વહુ આ વિધિ અધવચ્ચેથી છોડી તેમના માતા-પિતાના કહેવાથી પીયર જવા રવાના થયેલ આથી તેમના કુળદેવીનો અપમાન કર્યું હોય માટે તેઓ તેમના વહુ માતા-પિતાના કહેવાથી જતા રહેલ હોય આથી તેમના વહુના માતા પિતા અહીંયા આવી તેમની કુળદેવી પાસે માફી માંગે તો જ અમે અમારી વહુને



ઘરમાં આવવા દેશું તે ઉપરાંત અમારી વહુએ અમારી કુળદેવી પાસે તેમના માતા પિતા પાસે ન જવાનું વચન બંધાવવું પડશે. ટીમ દ્વારા મહિલાના સાસરીપક્ષની આ બધી બાબત સાંભળ્યા પછી સાસરી પક્ષનું કાઉન્સિલિંગ કરેલ, કાયદા વિશે જાણકારી આપી કાયદાની સમજ આપેલ તેમ છતાં મહિલાના સાસરી પક્ષ સમજવા તેમજ મહિલાને સ્વીકારવા તૈયાર નહોતા માટે ટીમ દ્વારા સાસરી પક્ષનું કુશળ કાઉન્સિલિંગ અને નૈતિક ફરજ સમજાવી સલાહ સૂચના આપેલ આમ અંતે ટીમ દ્વારા ઘણી મથામણ બાદ મહિલાના પતિ અને સાસુ સસરાને અભયમની વાત ગળે ઉતરી અને મહિલાને સ્વીકારવા તેમજ હવે પછી કોઈપણ પ્રકારે ત્રાસ આપશે નહી એની ખાતરી આપી, આમ મહિલાને તેમની સાસરીમાં ફરી પુનઃસ્થાપન કરાવ્યું.